# મુક્તકો

## –ડૉ. દીલીપ મોદી

**.1.**

લીલીછમ અટકળ ગમે છે, હે સખી
તું મને પુષ્કળ ગમે છે, હે સખી
ઘોર અંધારે સ્મરણ તારું અને–
રાત આ ઝળહળ ગમે છે, હે સખી.

**.2.**

હું અહર્નીશ કૈંક ઝંખું છું સરસને
જળનું સરનામું મળે મારી તરસને
આ નહીં તો આવતા જન્મે મળીશું
વીતતાં ક્યાં વાર લાગે છે વરસને ?

**.3.**

નામથી હું દીલીપ મોદી છું
કામથી હું દીલીપ મોદી છું
છે છલોછલ તપશ્ચર્યા મારી
જામથી હું દીલીપ મોદી છું.

**.4.**

જીવવા માટેનું બહાનું તું જ છે
આ હૃદયનું એક ખાનું તું જ છે
હું કદી જાહેરમાં બોલ્યો નથી
મારું નાજુક સ્વપ્ન છાનું તું જ છે.

**.5.**

આ અજંપાની જુઓ કૈં હદ નથી
મારી એકલતાનું ચોક્કસ કદ નથી
તે છતાં જીવું છું; જીવાયા કરે–
જીવવાનો આમ તો મકસદ નથી.

**.6.**

ક્યાં સુખદ અહેસાસ મનને થાય છે ?
શ્વાસ મારા કેમ થંભી જાય છે ?
શબ્દ, કાગળ, અર્થ, શાહી ને કલમ,
ગીત મુજ સંવેદનાનાં ગાય છે !

**.7.**

મુક્ત હો સંવેદના; બાંધો નહીં
મૌનથી અભિવ્યક્ત હો; વાંધો નહીં
રેશમી સંબંધના પાલવ ઉપર
જોઈએ બસ એક પણ સાંધો નહીં.

**.8.**

મ્હેક સાથે મીત્રતા બંધાઈ ગઈ
ને તીજોરી શ્વાસની છલકાઈ ગઈ
આંગળી ઝાલી બગીચાની પછી– –
ફુલની વ્યાખ્યા મને સમજાઈ ગઈ.

**.9.**

એક વીધવા બાઈ જેવી લાગણી
અટકળો મારી બધી છે વાંઝણી
આ પીડાનો અંત ક્યારે આવશે ?
આંખમાં ખુંચ્યા કરે જાણે કણી !

**.10.**

આમ મળવાનું બહાનું હોય છે,
દર્દ પણ કેવું મઝાનું હોય છે !
આંસુ જેનું નામ આપ્યું છે તમે,
આંખમાં તો ચીહ્ન ઘાનું હોય છે !

**.11.**

ઝેર પીધું; જીવતો તોયે રહ્યો
જખ્મ લીલોછમ હસીને મેં સહ્યો;
આંખમાંથી વહેતી ધારા જોઈ લો–
‘હું’ નદી થઈને સતત કેવો વહ્યો !

**.12.**

મારી પાસે આવ તું, વાતો કરીશું
સૌ દીપક બુઝાવીને રાતો કરીશું
આપણી વચ્ચે તડપતું મૌન તોડી
સ્નેહભીના શબ્દને ગાતો કરીશું.

**.13.**

સર્વ જોખમ ખેડીને પણ આવ તું
બુમ પાડે છે ઋજુ ક્ષણ આવ તું
સ્વપ્ન થઈ જા, કેદ હું તુજને કરું
ખુલ્લી રાખી છે મેં પાંપણ, આવ તું.

**.14.**

આમ ને આમ જ વરસ વીત્યા કરે
જળ વગર મારી તરસ વીત્યા કરે
કોઈ પરીવર્તન વગર અટકી નહીં
લ્યો, તડપ ક્ષણની સરસ વીત્યા કરે.

**.15.**

માણસે શ્રદ્ધા ન ખોવી જોઈએ
મનની સુંદરતા જ જોવી જોઈએ
પ્રેમ જેવું ના હશે તો ચાલશે
પણ કદી નફરત ન હોવી જોઈએ.

**.16.**

શી રીતે માપી શકું હું કદ, સખી ?
હું તને ચાહ્યા કરું અનહદ, સખી
જીવવાનું લક્ષ્ય કેવળ તું જ છે
તેથી મરવાની નથી ફુરસદ, સખી.

**.17.**

એક ફાનસ રાતભર સળગે અને
ખ્યાલ સાલસ રાતભર સળગે અને
સ્વપ્નમાં પણ ઠોકરો વાગ્યા કરે
ભગ્ન માણસ રાતભર સળગે અને.

**.18.**

આપણે પીધા કર્યો ખાલી કટોરો
આપણો સંબંધ કાગળ હોય કોરો
સાંધવાને વસ્ત્ર ફાટેલું સમયનું
ઉમ્રભર શોધ્યા કર્યો મેં સોય–દોરો.

**.19.**

ટેરવાં કાપીને હું અક્ષર લખું
ડાયરીમાં સ્નેહના અવસર લખું
તારી સાથેના પ્રસંગો, હે સખી
આજ મારા રક્તથી ભીંતર લખું.

**.20.**

મુક્તકો મારાં ખરેખર શું કહે છે ?
આ હયાતી મારી ખુદની શું સહે છે ?
તું મને સમજી ન લેતી રણ કદીયે
હું સ્વભાવે છું નદી, પાણી વહે છે !

**.21.**

ક્યાંક ભુંસાઈ ગયો છે ખુદ દીલીપ
આમ કરમાઈ ગયો છે ખુદ દીલીપ
યાર, ખોવાઈ ગયું છે જ્યાં કશું–
ત્યાં જ ખોવાઈ ગયો છે ખુદ દીલીપ.

**.22.**

ડાળ શૈશવની ઉપર હંમેશ રમતા
કોળીયો મોંમાં મુકે ને એમ જમતા
ચીજ છે અદભુત જીવનમાં, આ જગતમાં
હોય ના બીજું કશું પણ માની મમતા.

**.23.**

વેઠવો છે દીલીપ મોદીને ?
વ્હેંચવો છે દીલીપ મોદીને ?
ઉપજે શું સીવાય ગઝલો, બસ–
વેચવો છે દીલીપ મોદીને ?

**.24.**

યાર, સોનોગ્રાફી ક્યાં સંબંધની થાય ?
એક્સ-રેમાં દર્દ ભીતરનું શું દેખાય ?
ટેસ્ટ લોહીનો કરાવી જોઈએ, ચાલ-
પ્રેમના જીવાણુ જો માલમ પડી જાય !

**.25.**

સાવ ખાલી જામ ગળતો જાય છે
વાયદો રંગીન ઢળતો જાય છે
તે છતાં વીશ્વાસ મારો છે અતુટ
એક સંભવ રોજ છળતો જાય છે.

**.26.**

શબ્દ સીવે છે એ જાણે દરજી હો
ઉર્મીઓ મારી હ્રદયની અરજી હો
શ્વાસમાં વીશ્વાસનો ઈતીહાસ છે
આખરે તો જેવી તારી મરજી હો.

**.27.**

સ્થળ વગર તરસ્યો રહું, એવું બને
જળ વગર તરસ્યો રહું, એવું બને
હું પકડવા જાઉં છું, પકડાય ના
પળ વગર તરસ્યો રહું, એવું બને.

**.28.**

લાગણીના રંગથી રંગાઈ જઈએ
ચાલ, મોસમ છે હવે ભીંજાઈ જઈએ
આંખથી તારી હું, મારી આંખથી તું
હા, પરસ્પર આપણે વંચાઈ જઈએ.

**.29.**

હું તરસનું તળાવ છું, મીત્રો
ના રુઝાયેલા ઘાવ છું, મીત્રો
પાંસળીમાં વસંત મ્હોરી છે
શુન્યની આવજાવ છું, મીત્રો.

**.30.**

શ્વાસ સૌ લાગ્યા કરે શાને સખત ?
કેમ વીતાવું છું ભારેખમ વખત ?
મેં છલોછલ પીધી છે દીવાનગી–
બાકી શા માટે હું આ મુક્તક લખત ?

## ડૉ. દીલીપ મોદી


કવી–સંપર્ક:

10, નવનીર્માણ સોસાયટી, ટીમલીયાવાડ, નાનપરા, સુરત–395 001,

ફોન : 0261- 247 4700/ 266 2200 મોબાઈલ: 98259 33400

E-mail: drdilipmodi@yahoo.com Facebook: https://www.facebook.com/drdilip.modi


કવીનું સર્જન:

ગઝલસંગ્રહો: ‘પંથ’ (1983), ‘દાખલા તરીકે તું...’ (1990), ‘અહેસાસ’ (2007), ‘એક અલ્લડ છોકરી’ (2008), ‘નગર તારા વગર’ (2009), ‘ઉમળકો’ (2010)

મુક્તકોના સંગ્રહો: ‘હે સખી ! સંદર્ભ છે તારો અને–’ (1997), હે સખી ! સોગંદ છે મારા તને–’ (2004), ‘હે સખી ! છે ઝંખના તારી મને–’ (2012)


‘સન્ડે ઈ-મહેફીલ‘ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com) નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષ : નવમું – અંક : 274 – July, 14

‘ઉંઝાજોડણી’માં સાભાર અક્ષરાંકન : શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com



@@@@@

More than 2,24,00,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com
More than 20,40,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com
More than 4,90,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

@@@@@@@@@